**મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ સાહેબશ્રીની અદાલતમાં મુ.વડાલી.**

GJSK140009132025

**ફો.કે.નં. ૨૦૬/૨૦૨૬**

આંક–

ફરિયાદી :– શ્રી સરકાર

**વિરૂઘ્ઘ**

આરોપી :– ૧. સુરેશભાઈ રણછોડભાઈ ખાંટ

૨. ગોવિંદભાઈ કાંતીભાઈ ઠાકોર

૩. હરીભાઈ ભીખભાઈ ગોતીયા(ઠાકોર)

૪. સતિષભાઈ પ્રભુદાસ ખાંટ

રહે. :– આ.નં. ૧ થી ૩ રહે.બજરંગપુરા તથા આં.નં.૪ રહે. ટેબસવાસ, વડાલી, તા.વડાલી, જી.સાબરકાંઠા

**ગુનો:– જુગારધારા કલમ – ૧૨(અ) મુજબ.**

**–: ઠરાવ:–**

૧. ફરીયાદ પક્ષનાં આક્ષેપ મુજબ આ કામનાં આરોપીઓ તા.૧૬/૦૮/૨૫ નાં રોજ મોજે બજરંગપુરા વિસ્તારમાં આવેલ ખુલ્લા ચોકમાં ગેરકાયદેસર રીતે તીન પત્તીનો જુગાર રમી રમાડી રેઈડ દરમ્યાન પૈસા અને જુગારનાં સાહીત્ય સાથે પકડાઈ જુગાર ધારાની કલમ – ૧૨(અ) મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

૨. આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીને પોલીસ પેપરોની નકલો આપ્યા બાદ આરોપીએ પોતાનો ગુન્હો કબુલ છે, તેવી પુરસીસ રજુ કરતા અદાલતે તમો ગુનો કબુલ કરવા બંધાયેલ નથી છતા પણ જો ગુનો કબુલ કરશે તો તેને મહત્તમ સજા થઈ શકશે તેવી સમજ આપેલ. ઉપરોકત સ્પષ્ટ સમજ આપ્યા બાદ આરોપીઓની આંક–૧૨ થી ૧૫ પ્લી નોંધવામાં આવી જેમા પણ આરોપીઓએ ગુન્હાની આંક–૧૬થી કબુલાત આપી ઉપરોકત

કબુલાત સ્વેચ્છા પુર્વક આપેલ છેતથા આરોપીઓએ આંક-૧૭ થી નો કલેઈમ પુરસીસ આપેલ છે તેની ખાતરી થયા બાદ આરોપીઓને થનાર સજા અંગે સાંભળ્યા.

૩. આરોપીએ ગુનાની કબુલાત સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય પોતાને અહેસાસ થયાનું જણાવેલ હોય, તેમજ ભવીષ્યમાં આવા પ્રકારનો ગુનો કરશે નહી તેવી નામદાર કોર્ટને બાંહેધરી આપી આ પોતાનો પ્રથમ જ ગુનો હોય યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. આ કામનાં આરોપીઓ ગુન્હાનો એકરાર કરેલ હોય આરોપીઓને સજા કરવી જોઈએ તેમ હું માનુ છું પરંતુ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીઓ પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને જો કાયદાનુસાર સજા કરવામાં આવે તો તેથી આરોપીઓ રીઢા ગુનેગારોનાં સંપર્કમાં આવે તેથી તેમના જીવન પર વીપરીત અસર થાય તેમ છે તેથી આ કામનાં આરોપીઓને હાલનાં ગુના સબબ સજાની જોગવાઈમાં ન્યુનતમ સજા નિયત કરેલ ન હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનુ છું. આરોપીઓની સામેના ગુનાને તેમજ રજુઆતને લક્ષમાં લેતા ન્યાયનાં હીતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામનાં પ્રત્યેક આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૫ અન્વયે જુગાર ધારાની કલમ-૧૨(અ) ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા. **૨૦૦/- લેખે કુલ રૂા. ૮૦૦/- (અંકે રૂપીયા આઠસો પુરા)** નો દંડ અને દંડ ભરવામાં કસુર કરે તો **વધુ દિન-૭** ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે. મુદામાલની ચલણી નોટો સરકાર ખાલસા કરવી જયારે જુગારનાં સાહીત્યનો નાશ કરવો. તેમજ આરોપીઓના જામીનખત તેમજ જાતમુચરકો ૬ માસ બાદ રદ ગણવા.

હુકમ આજરોજ તા ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સિટીંગ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૪/૦૩/૨૦૨૬

(એસ. એમ. પટેલ)
જયુડી.મેજી.ફ.ક.,વડાલી.
કોડ નં.જી.જે.૦૧૭૦૪